સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 18

[ 25/04/21 to 01/05/21 ]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**25 APR-2021**

- દિવસ મહિમા: 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ ........ 02
- 'મધુક્રાંતિ પોર્ટલ' અને 'હની કોર્નર' (Madhu Kranti Portal & Honey Corners) ........ 03
- વર્ષ 2020માં 116 જિલ્લાઓમાં મેલેરિયાના શૂન્ય કેસ નોંધાયા ........ 03
- QUESTION ANSWERS ........ 05

**26 APR-2021**

- દિવસ મહિમા :26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ ........ 06
- 'ક્રૂ- 2' (Crew - 2) મિશન ........ 06
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વામિત્વ યોજના' હેઠળ ઈ-પ્રોપર્ટી કાર્ડના વિતરણની શરૂઆત કરી ........ 07
- શાસ્ત્રીય સંગીત ગાયક શ્રી પંડિત રાજન મિશ્રાનું નિધન ........ 08
- QUESTION ANSWERS ........ 09

**27 APR-2021**

- 93મો ઓસ્કાર એવોર્ડ્સ 2021 : ક્લોઈ ઝાઓ (Chaloe Zhao) શ્રેષ્ઠ નિર્દેશકનો ઓસ્કાર જીતનાર પ્રથમ એશિયન મહિલા બન્યા ........ 10
- પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત શ્રી કવિ દાદ બાપુનું 82 વર્ષની વયે નિધન ........ 12
- QUESTION ANSWERS ........ 15

**28 APR-2021**

- એશિયન ડેવલપમેન્ટ બેંકે ભારતને COVID-19 મહામારી સામે લડવા 1.5 અબજ ડોલરની સહાય કરી ........ 16
- ચાન્ડલર 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારત 49માં ક્રમે ........ 16
- અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડને આર્મેનિયન નરસંહારને 'નરસંહાર' તરીકે માન્યતા આપી ........ 17
- QUESTION ANSWERS ........ 19

**29 APR-2021**

- ભારતના નવા નાણાં સચિવ શ્રી ટી.વી. સોમનાથનની નિમણૂક ........ 20
- PM CARES FUND માંથી 1 લાખ પોર્ટેબલ ઓક્સિજન કન્સેન્ટ્રેટર ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી ........ 20
- SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ ........ 21
- QUESTION ANSWERS ........ 23

**30 APR-2021**

- દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન (સંશોધન) અધિનિયમ, 2021 ........ 24
- શૂટર દાદી તરીકે જાણીતા સુશ્રી ચંન્દ્રો તોમરનું નિધન ........ 25
- વરિષ્ઠ પત્રકાર શ્રી રોહિત સરદાનાનું નિધન ........ 25
- QUESTION ANSWERS ........ 26

**01 MAY-2021**

- દિવસ મહિમા : (1) ગુજરાત સ્થાપના દિવસ (ગુજરાત ગૌરવ દિવસ) (2) મહારાષ્ટ્ર સ્થાપના દિવસ (3) આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Worker's Day અથવા તો Labour Day) ........ 27
- જાપાન સરકાર દ્વારા બેંગલુરુની શિક્ષિકાને 'Order of the Rising Sun'થી સન્માનિત કરવામાં આવ્યા ........ 27
- ભારતીય નૌકાદળ દ્વારા ઓપરેશન સમુદ્ર સેતુ– 2 ની શરૂઆત કરી ........ 28
- QUESTION ANSWERS ........ 30

**ONE LINER** ........ 31

**QUESTION OF THIS WEEK** ........ 35


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા: 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ

સમગ્ર વિશ્વમાં 25 એપ્રિલ રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મેલેરિયાને નિયંત્રણમાં લેવા માટે થતાં વિશ્વ વ્યાપી પ્રયત્નોને વાચા આપવાનો છે.
- મે 2007માં વર્લ્ડ હેલ્થ એસેમ્બ્લીના 60માં સત્રમાં આ દિવસની ઉજવણીની માન્યતા આપવામાં આવી હતી.
- વિશ્વ મેલેરિયા દિવસ 2021ની થીમ 'Reaching the Zero Malaria Target' છે.

### વિશ્વમાં મેલેરિયાની પ્રથમ રસી

બે વર્ષ અગાઉ 23 એપ્રિલ, 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની મેલેરિયાની પ્રથમ રસી લોન્ચ કરવામાં આવી હતી.

- આ રસી પાંચ મહિનાથી બે વર્ષ સુધીના બાળકો માટે છે.
- આ રસી (Vaccine)નું નામ RTS-S અને તેનું વ્યાપારિક નામ Mosquirix છે.
- આ રસી તૈયાર કરવા માટે આશરે 30 વર્ષનો સમય લાગ્યો હતો.
- વૈજ્ઞાનિકોના મતે આ રસીની મદદથી બાળકોમાં મેલેરિયાના નિયંત્રણમાં સફળતા મળશે.

નોંધ : (1) એક રિપોર્ટ અનુસાર આ બિમારીથી દર વર્ષે આશરે 4.35 લાખ લોકોના મોત થાય છે.
(2) મેલેરિયાની બિમારીના કારણે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ આફ્રિકા દેશમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### મેલેરિયા

મેલેરિયા એ મચ્છરથી ફેલાતો રોગ છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફીલીસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- આફ્રિકા સહિત વિશ્વના તમામ ભાગોમાં મેલેરિયાથી સૌથી વધુ મૃત્યુ આ ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમના કારણે થાય છે.
- મેલેરિયા લક્ષણોમાં તાવ, થાક, ઉલ્ટી, માથાનો દુખાવો વગેરેનો સમાવેશ થાય છે.



## 'મધુક્રાંતિ પોર્ટલ' અને 'હની કોર્નર' (Madhu Kranti Portal & Honey Corners)

તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા 'મધુક્રાંતિ પોર્ટલ' અને 'હની કોર્નર' શરૂ કરાયું છે.

### મધુક્રાંતિ પોર્ટલ

મધુક્રાંતિ પોર્ટલ એ 'રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને મધ મિશન' (NBHM) અને 'રાષ્ટ્રીય મધમાખી બોર્ડ' (NBB) હેઠળ કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલયની એક પહેલ છે.

- ડિજિટલ પ્લેટફોર્મ પર મધ અને મધમાખીના અન્ય ઉત્પાદનોનો સ્ત્રોત શોધવા માટે આ પોર્ટલ ઓનલાઈન નોંધણી માટે વિકસાવવામાં આવ્યું છે.
- આ પ્લેટફોર્મ મધની ગુણવતાને સુનિશ્ચિત કરવામાં અને ભેળસેળના સ્ત્રોતને શોધવા માટે ખૂબ મદદરૂપ સાબિત થશે.
- આ ઉપરાંત આ પોર્ટલ ખેડૂતોની આવક વધારવા, મધની નિકાસને પ્રોત્સાહન આપવા અને રોજગાર ઉત્પન કરવામાં મોટી મદદ કરશે.
- આ પોર્ટલ મધ ઉત્પાદન, માર્કેટિંગ શૃંખ્લા, મધમાખી ઉછેર અને વેચાણની પ્રક્રિયામાં સામેલ તમામ હિસ્સેદારોનો ડેટાબેઝ બનાવશે, જેથી આંતરરાષ્ટ્રીય બજારોમાં મધની પહોંચ વધશે.

### હની કોર્નર

'હનિ કોર્નર' મધના માર્કેટિંગ અને વેચાણ માટેનું વિશેષ સ્થાન છે.

- તેનું સંચાલન 'નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' (NAFED) કરશે.

### NAFED વિશે

'નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' (NAFED) એ 'મલ્ટી–સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ એક્ટ' હેઠળ નોંધાયેલ કૃષિ પેદાશો માટે માર્કેટિંગ સહકારી સમિતિઓની એક ઉચ્ચ સંસ્થા છે.

- વર્ષ 1958માં કૃષિ પેદાશોના સહકારી માર્કેટિંગને પ્રોત્સાહિત કરવાના ઉદેશ્યથી સ્થાપિત કરવામાં આવી હતી.
- નોંધ : (1) રાષ્ટ્રીય મધમાખી ઉચ્છેર અને મધ (હની) મિશનની જાહેરાત 'આત્મનિર્ભર ભારત' યોજનાના ભાગ રૂપે કરવામાં આવી હતી.

  (2) ઓગસ્ટ 2017માં 'મીઠી ક્રાંતિ'ની સાથે 'મધુમિશન'ની શરૂઆત કરવામાં આવી હતી.

## વર્ષ 2020માં 116 જિલ્લાઓમાં મેલેરિયાના શૂન્ય કેસ નોંધાયા

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો હર્ષ વર્ધને જણાવ્યું હતું કે વર્ષ 2020માં ભારતના 116 જિલ્લાઓમાં શુન્ય મેલેરિયાના કેસ નોંધાયા છે.

- વર્ષ 2020માં ભારતે મેલેરિયાના રોગોનો 5% ભાર ઘટાડ્યો હતો.
- આ ઉપરાંત ભારતે મેલેરિયાથી થતાં મૃત્યુ માં 83.6% ઘટાડો કર્યો છે.
- વર્ષ 2015માં મલેશિયામાં આયોજીત પૂર્વ એશિયા સમિટમાં 'Malaria Elimination Roadmap of Asia Pacific Leaders Malaria Alliance' ને સમર્થન આપતા અઢાર દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે.
- આ ગઠબંધન હેઠળ તમામ નેતાઓ વર્ષ 2030 સુધીમાં મેલેરિયાને સંપૂર્ણ પણે નાબૂદ કરવા સંમત થયા હતા.
- ભારતે પણ દેશમાં મેલેરિયા નાબૂદી માટે રાષ્ટ્રીય માળખુ (2016-2030) લોન્ચ કર્યુ હતું.
- તાજેતરમાં મેલેરિયાના કેસોમાં થયેલ ઘટાડો એ આ માળખાનો ભાગ છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) તાજેતરમાં WHO એ ઝીરોઈંગ ઈન ઓન મેલેરિયા એલિમિનેશન નામનો એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો.

(2) WHO દ્વારા તેની 'E-2025 પહેલ' હેઠળ 25 દેશોની ઓળખ કરવામાં આવી છે અને તે દેશોને વર્ષ 2025 સુધીમાં મેલેરિયા મુક્ત દેશ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

(3) WHO દ્વારા વર્ષ 2017માં 'E-2025' પહેલ શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SUNDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ મેલેરિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે?

(A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ (B)

2. કયા વર્ષે વર્લ્ડ હેલ્થ એસેમ્બ્લીના 60માં સત્રમાં 'વિશ્વ મેલેરિયા દિવસ'ની ઉજવણીની માન્યતા આપવામાં આવી હતી ?

(A) 2007 (B) 2008 (C) 2009 (D) 2010 (A)

3. વિશ્વ મેલેરિયા દિવસ 2021ની થીમ શું છે ?

(A) Reaching the Zero Malaria Targert

(B) End Malaria For Good

(C) Ready to Beat Malaria

(D) Zero Malaria Start with me (A)

4. મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?

(A) એડિસ (B) એલ્ફોન્ઝા (C) એફિલિસ (D) એનોફિલિસ (D)

5. મેલેરિયાને લીધે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા પ્લાઝમોડિયમને કારણે થાય છે ?

(A) વિવેક્ષ (B) ઓવેલ (C) સિફિલિસ (D) ફાલ્સીપેરમ (D)

6. વર્ષ 2019માં કયા દેશમાં મેલેરિયાની પ્રથમ રસી લોન્ચ કરવામાં આવી હતી ?

(A) માલવી (B) સુદાન (C) ઘાના (D) કેન્યા (A)

7. તાજેતરમાં કૃષિ અને ખેડૂત મંત્રાલય દ્વારા કઈ પહેલ શરૂ કરવામાં આવી છે ?

(A) મધુક્રાંતિ પોર્ટલ (B) હની કોર્નર

(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

8. વર્ષ 2020માં કેટલા જિલ્લાઓમાં મેલેરિયાના શૂન્ય કેસ નોંધાયા છે ?

(A) 128 (B) 116 (C) 108 (D) 103 (B)

9. WHO દ્વારા કયા વર્ષે 'E- 2025' પહેલ શરૂ કરવામાં આવી હતી ?

(A) 2017 (B) 2018 (C) 2019 (D) 2020 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ

આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપાદના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- WIPO સંયુક્ત રાષ્ટ્રની સૌથી જૂની એજન્સીઓમાંની એક છે.
- તેની રચના વર્ષ 1967માં સર્જનાત્મક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા અને વિશ્વમાં બૌદ્ધિક સંપતિ સંરક્ષણને પ્રોત્સાહિત કરવા માટે કરવામાં આવી હતી.
- તેમનું મુખ્ય મથક જીનીવા ખાતે આવેલું છે.
- વિશ્વ બૌદ્ધિક સંપાદા દિવસ 2021ની થીમ 'IP and SMEs : Taking Your Ideas to Market' છે.

## 'ક્રૂ- 2' (Crew - 2) મિશન

તાજેતરમાં 'વાણિજ્યક ક્રૂ કાર્યક્રમ' હેઠળ નાસા અને સ્પેસએક્સ (Spacex) વચ્ચેના સહયોગના ભાગરૂપે ચાર અવકાશ યાત્રીઓને અમેરિકાના ફ્લોરિડાથી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક (ISS)માં મોકલવામાં આવ્યા છે.

- આ મિશનને 'ક્રૂ– 2' (Crew- 2) નામ આપવામાં આવ્યું છે.
- નાસા દ્વારા શરૂ કરાયેલ 'વાણિજ્યક ક્રૂ કાર્યક્રમ' (Commercial Crew Program - CCP) એ અવકાશ યાત્રીઓને 'આંતરરાષ્ટ્રીય અવકાશ મથક' (ISS) લઈ જવા અને ત્યાંથી પાછા ફરવા માટે નાસા અને ખાનગી ઉદ્યોગ વચ્ચેની ભાગીદારી છે.
- આ પ્રોગ્રામ નાસા માટે અવકાશયાનની કિંમત ઘટાડવામાં અને અવકાશમાં મનુષ્ય માટે નવું વ્યાપારી બજાર સ્થાપિત કરવામાં મદદ કરશે.
- આ રીતે, ખાનગી કંપનીઓને 'લો–અર્થ–ઓર્બિટ' માટે ક્રૂ પરિવહન સેવાઓ પ્રદાન કરવા માટે પ્રોત્સાહિત કરીને નાસા અંતરિક્ષ સંશોધન મિશન માટે અવકાશયાન અને રોકેટ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.
- સપ્ટેમ્બર 2014માં, નાસાએ 'બોઈંગ' અને 'સ્પેસએક્સ' કંપનીઓ સાથે યુ.એસથી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS)માં અવકાશયાત્રીઓને પરિવહન માટે 'પરિવહન પ્રણાલી' વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

### 'ક્રૂ– 2' મિશન

આ મિશન 'સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન'નું બીજું રોટેશન મિશન છે અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથેનું પ્રથમ મિશન છે.

- આ મિશનમાં કુલ ચાર અવકાશયાત્રીઓ છે. આ ચાર અવકાશ યાત્રીઓમાંથી બે નાસાના છે, જ્યારે બે 'જાપાન

એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી' અને 'યુરોપિયન સ્પેસ એજન્સી'ના છે.

- ક્રૂ– 2 મિશન સાથે સંકળાયેલ અવકાશયાત્રીઓ 'અભિયાન– 65' (આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન માટે 65મું લાંબાગાળાનું મિશન)ના સભ્યોમાં જોડાશે.
- આ તમામ સભ્યો સ્પેશ સ્ટેશનમાં કુલ છ મહિના રોકાશે, જે દરમિયાન 'લો–અર્થ ઓબિટ' માં વૈજ્ઞાનિક પરીક્ષણો કરશે.
- આ સમય દરમિયાન અવકાશયાત્રીઓનો મુખ્ય ઉદ્દેશ 'ટીશ્યુ ચિપ્સ' અભ્યાસ શ્રેણી ચાલુ રાખવાનો રહેશે.
- ટીશ્યુ ચિપ્સ માનવ અવ્યવોના નાના નમૂનાઓ છે. જેમાં ઘણા પ્રકારના કોષો શામેલ છે.

## આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS)

ISS એ અવકાશમાં રહેવા માટેનો કૃત્રિમ ઉપગ્રહ છે.

- જેને 'લો–અર્થ ઓર્બિટ'માં માનવસર્જિત સૌથી મોટું બાંધકામ માનવામાં આવે છે.
- લો અર્થ ઓર્બિટ એટલે પૃથ્વીની નીચેની ભ્રમણ કક્ષા.
- આંતરરાષ્ટ્રીય અવકાશ મથકનો પ્રથમ ભાગ વર્ષ 1998માં 'લો–અર્થ–ઓર્બિટ'માં શરૂ થયો હતો.
- તે લગભગ 92 મિનિટમાં પૃથ્વીની ચક્કર લગાવે છે અને દરોરોજ 15.5 પરિક્રમાં પૂરી કરે છે.

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વામિત્વ યોજના' હેઠળ ઈ-પ્રોપર્ટી કાર્ડના વિતરણની શરૂઆત કરી

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી પ્રસંગે 'સ્વામિત્વ યોજના' (Svamitva Scheme) હેઠળ ઈ–પ્રોપર્ટી કાર્ડના વિતરણની શરૂઆત કરી હતી.

- 4.9 લાખ સંપતિ કાર્ડનું વર્ચ્યુઅલ વિતરણ કરાયું હતું.

## સ્વામિત્વ યોજના

સ્વામિત્વ યોજના વર્ષ 2020માં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિતે શરૂ કરવામાં આવી હતી.

- Svamitva નું પૂરું નામ 'Survey of Villages and Mapping with Improvised Technology in Village Area' છે.
- આ યોજનાનો હેતુ ગ્રામીણ ભારત માટે એકીકૃત સંપતિ ચકાસણી ઉકેલો પ્રદાન કરવાનો છે.
- આ યોજના અંતર્ગત મેપિંગ 2020 થી 2024 દરમિયાન તબ્બકાવાર કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ભારતના ગ્રામિણ વિસ્તારોમાં વારસાગત, જમિનના સીમાંકન ડ્રોન સહિતના અદ્યતન સર્વે સાધનો ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
- આ યોજનાની મદદથી ગ્રામીણ વિસ્તારોમાં જમીન તથા નક્શો બનાવવામાં મદદ કરશે. તેને પરિણામે ટેક્સ ઉઘરાવવામાં પણ મદદ થશે.

નોંધ : (1) કેન્દ્ર સરકારના પંચાયતી રાજ મંત્રાલય, રાજ્ય પંચાયતી રાજ વિભાગ, રાજ્ય મહેસૂલી વિભાગ અને ભારતીય સર્વે વિભાગના સહિયારા પ્રયાસોથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

(2) ભારત સરકારે આ યોજના માટે 65 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શાસ્ત્રીય સંગીત ગાયક શ્રી પંડિત રાજન મિશ્રાનું નિધન

પ્રસિધ્ધ હિન્દુસ્તાનની શાસ્ત્રીય ગાયક શ્રી પંડિત રાજન મિશ્રાનું 25 એપ્રિલ, 2021ના રોજ કોરોનાના ચેપના કારણે 70 વર્ષની વયે અવસાન થયું છે.

- શ્રી પંડિત રાજન મિશ્રા બનારસ ઘરાના સાથે સંકળાયેલા છે.
- તેઓ તેમના ભાઈ સાજન મિશ્રા સાથે જ કાર્યક્રમો રજૂ કરતા.
- આ બંને ભાઈઓની જોડી રાજન–સાજન મિશ્રાની જોડી તરીકે પણ ઓળખાતી હતી.
- તેમણે વર્ષ 1978માં પોતાનો પ્રથમ સંગિત કાર્યક્રમ આપ્યો હતો.
- ત્યારબાદ જર્મની, ફ્રાંસ, સ્વિત્ઝરલેન્ડ, ઓસ્ટ્રિયા, અમેરિકા, બ્રિટન, નેધરલેન્ડ, રશિયા, સિંગાપોર અને બાંગ્લાદેશ સહિત વિશ્વના અનેક દેશોમાં કાર્યક્રમો આપ્યા હતા.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2007માં પદ્મ ભૂષણ અને વર્ષ 1998માં સંગીત નાટક અકાદમી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.
- પંડિત રાજન મિશ્રા અને તેમના ભાઈ પંડિત સાજન મિશ્રાને ભારતીય શાસ્ત્રીય સંગીતની 'ખ્યાલ ગાયકી' શૈલીના અગ્રણ્ય તરીકે માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ICE દ્વારા ONLINE UPLOAD
## કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

| | |
|---|---|
| દિવસ મહિમા | 7:00 AM |
| GPSC MAINS Q & A | 11:00 AM |
| VOCAB | 01:00 PM |
| GPSC SPECIAL ARTICLE | 07:00 PM |
| ICE DAILY DOSE | 08:00 PM |
| MATHS EASY SOLUTIONS | EVERY SUNDAY 02:00 PM |
| ICE MAGIC EVERY MONDAY | ICE MIRACLE EVERY WEDNESDAY |

## MONDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ બૌધ્ધિક સંપાદા દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ **(C)**

2. WIPO દ્વારા કયા વર્ષથી 'વિશ્વ બૌધ્ધિક સંપદા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) વર્ષ 2000 (B) વર્ષ 2004 (C) વર્ષ 2006 (D) વર્ષ 2008 **(A)**

3. 'ક્રૂ– 2' (Crew- 2) મિશન શું છે ?

(A) સબમરિન પ્રોજેક્ટનું નામ

(B) અમેરિકા દ્વારા એક ધરાયેલ એક સૈન્ય ઓપરેશન

(C) અવકાશયાત્રીઓના એક મિશનનું નામ

(D) અમેરિકા–ફ્રાન્સ વચ્ચે હાથ ધરાયેલ સૈન્ય કવાયતનું નામ **(C)**

4. તાજેતરમાં 'વાણિજ્યક ક્રૂ કાર્યક્રમ' હેઠળ નાસા અને કઈ કંપનીએ 'ક્રૂ– 2' મિશન હેઠળ અવકાશ યાત્રીઓને અમેરિકાના ફ્લોરિડાથી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર મોકલવામાં આવ્યા છે ?

(A) સ્પેસએક્સ (B) રોઈંગ (C) ડેપ્સઓક્સ (D) આઈ.એસ.એસ **(A)**

5. 'ક્રૂ– 2' મિશન હેઠળ કેટલા અવકાશ યાત્રીઓને આંતરરાષ્ટ્રીય હવાઈ મથકમાં મોકલવામાં આવશે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(C)**

6. 'ક્રૂ– 2' મિશન વિશે નીચેના પૈકી કયાં વિધાન સાચા છે ?

(A) આ મિશન 'સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન'નું બીજુ રોટેશન મિશન છે.

(B) આ મિશનમાં કુલ ચાર અવકાશ યાત્રીઓ છે.

(C) આ ચાર અવકાશયાત્રીમાંથી બે નાસાના અને બે જાપાન અને યુરોપિયન સ્પેસ એજન્સીના છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

7. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કઈ યોજના હેઠળ ઈ–પ્રોપર્ટી કાર્ડના વિતરણની શરૂઆત કરી ?

(A) સ્વનિધિ યોજના (B) સ્વામિતવ યોજના (C) કુસુમ યોજના (D) ધનલક્ષ્મી યોજના **(B)**

8. સ્વામિત્વ યોજના કયા વર્ષે પંચાયતિ રાજ દિવસ નિમિતે શરૂ કરવામાં આવી હતી ?

(A) 2020 (B) 2019 (C) 2018 (D) 2017 **(A)**

9. તાજેતરમાં કયા શાસ્ત્રીય સંગીત ગાયકનું નિધન થયું છે ?

(A) શ્રી પંડિત રાજન મિશ્રા (B) શ્રી સાજન મિશ્રા

(C) શ્રી મનદર મિશ્રા (D) શ્રી કુલન મિશ્રા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 93મો ઓસ્કાર એવોર્ડ્સ 2021 : ક્લોઇ ઝાઓ (Chaloe Zhao) શ્રેષ્ઠ નિર્દેશકનો ઓસ્કાર જીતનાર પ્રથમ એશિયન મહિલા બન્યા




25 એપ્રિલ, 2021ના દિવસે અમેરિકાના કોલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલ્બી થિયેટરમાં 93માં એકેડેમી એવોર્ડ્નો વિતરણ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 24 કેટેગરીમાં વિવિધ એવોર્ડ એનાયત થયા હતા.
- નોંધનીય છે કે ફેબ્રુઆરી, 2021માં યોજનારા 93માં એકેડમી એવોર્ડ્સને બે મહિના માટે મોકૂફ રાખવામાં આવ્યો હતો.
- ચાઈનીઝ મૂળના ફિલ્મ નિર્માતા સુશ્રી ક્લોઈ ઝાઓ એ આ એકેડમી એવોર્ડ્સમાં શ્રેષ્ઠ નિર્દેશક (ડિરેક્ટર)નો એવોર્ડ મેળવ્યો હતો.
- જ્યારે બેસ્ટ ફિલ્મનો એવોર્ડ 'નોમાડલેન્ડ' ફિલ્મને મળ્યો હતો.
- વર્ષ 2020માં મૃત્યુ પામેલા ફિલ્મ મેકરો અને કલાકારોને મેમોરિયમ સેકશન મારફતે યાદ કરીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.
- જેમાં, ઓસ્કાર એવોર્ડ જીતનારા પ્રથમ ભારતીય સુશ્રી ભાનુ આથૈયા અને બોલિવૂડ અને હોલિવૂડમાં કામ કરી ચૂકેલા શ્રી ઈરફાનખાન, સુશાંતસિંહ રાજપુત અને ઋષિ કપૂરને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

### ઓસ્કાર 2021 : સૌથી વધુ એવોર્ડ વિજેતા ફિલ્મ

| ક્રમ | ફિલ્મ | એવોર્ડ |
|---|---|---|
| 1 | નોમાડલેન્ડ (Nomadland) | 3 |
| 2 | સોલ (Soul) | 2 |
| 3 | ધ ફાધર (The Father) | 2 |
| 4 | મા રૈની બ્લેક બોટમ (Ma Raimney's Black Bottom) | 2 |
| 5 | મેન્ક (Mank) | 2 |

### ઓસ્કાર 2021 : બેસ્ટ ફિલ્મ

વર્ષ 2021ના ઓસ્કાર એવોર્ડના સમારોહમાં વર્ષ 2020ની બેસ્ટ ફિલ્મનો એવોર્ડ 'નોમાડલેન્ડ' ફિલ્મને મળ્યો છે.

- જે એકલી પ્રવાસે નીકળી પડેલી મહિલાની કથા રજૂ કરતી ફિલ્મ છે.
- આ ફિલ્મના મહિલા ડિરેક્ટર સુશ્રી ક્લોઈ ઝાઓ ને બેસ્ટ ડિરેક્ટર તરીકેનો એવોર્ડ મળ્યો હતો.

### નોમાડલેન્ડ

નોમાડલેન્ડ એ 2020ની અમેરિકન ડ્રામા ફિલ્મ છે.

- આ ફિલ્મ 2017માં પ્રકાશિત થયેલ પુસ્તક 'નુમાડલેન્ડ' પર આધારિત છે.
- આ ફિલ્મના ડિરેક્ટર સુશ્રી ક્લોઈ ઝાઓ છે.
- આ ફિલ્મ એક એવી મહિલા વિશે છે જે તેના પતિના મૃત્યુ પછી શહેર છોડી દે છે. અને તેમનો એકમાત્ર ઉદ્યોગ બંધ થઈ જવાના કારણે બેઘર થઈ જાય છે. ત્યારબાદ તે એક વાનમાં રહે છે અને આ વાન દ્વારા તે અમેરિકાના જુદા જુદા ભાગોમાં ફરતી રહે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઓસ્કાર 2021 : મહત્વપૂર્ણ વિજેતાઓ

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેકટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | નોમાડલેન્ડ | સુશ્રી કલોઈ ઝાઓ |
| 2 | બેસ્ટ ડિરેક્ટર | સુશ્રી ક્લોઈ ઝાઓ | નોમાડલેન્ડ |
| 3 | બેસ્ટ એક્ટર | શ્રી એન્થની હોપકિન્સ | ધ ફાધર |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી ફ્રાન્સિસ મેકડોરમન્ડ | નોમાડલેન્ડ |
| 5 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ | સુશ્રી યુઆન ઝંગ | મિનારી |
| 6 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | શ્રી ડેનિયલ કાલુયા | જુડાસ એન્ડ ધ બ્લેક |
| 7 | બેસ્ટ એનિમેટેડ ફીચર | સોલ | – |
| 8 | બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર | માય ઓક્ટોપસ ટીચર | – |
| 9 | બેસ્ટ સિનેમેટોગ્રાફી | મેન્ક | – |
| 10 | બેસ્ટ ફિલ્મ એડિટિંગ | સાઉન્ડ ઓફ મેટલ | – |

નોંધ : (1) મિનારી ફિલ્મમાં કામ કરનારા અભિનેત્રી સુશ્રી યુઆન ઝંગ દક્ષિણ કોરિયાના અભિનેત્રી છે તથા તેમની ઉંમર 73 વર્ષ છે.

(2) શ્રી એન્થની હોપકિન્સ એક્ટિંગ કેટેગરીમાં સૌથી વૃધ્ધ વિજેતા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને 'એકેડમી એવોર્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ 'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ' છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ (AMPAS) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

નોંધ : (1) સૌથી વધુ 26 ઓસ્કાર એવોર્ડ વોલ્ટ ડિઝનીને મળ્યા છે.

(2) જ્યોર્જ બર્નાર્ડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ વિશ્વકક્ષાના બન્ને એવોર્ડ જીતી ચૂક્યા હોય.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| 1 | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| 2 | શ્રી સત્યજીત રે | 1992 | – |
| 3 | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| 4 | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| 5 | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |

(1) શ્રીમતી ભાનુ અથૈયા : શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ 1983માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) શ્રી સત્યજીત રે : બંગાળી ફિલ્મના પ્રસિધ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

(3) શ્રી રેસુલ પુકૂટ્ટી : તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો હતો.

(4) શ્રી એ.આર. રહેમાન : શ્રી એ.આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો........શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) શ્રી ગુલઝાર : ગુલઝારને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો...... શ્રી એ.આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

### ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) ગાંધી : ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ

(2) સ્લમડોગ મિલિયોનર : સૌથી વધુ ત્રણ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) પીરિયડ એન્ડ ઓફ સેન્ટેન્સ : વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)

### મધર ઈન્ડિયા

- શ્રી મહેબુબ ખાનની ફિલ્મ 'મધર ઈન્ડિયા'એ ઓસ્કાર માટે નોમિનેટ થનાર પ્રથમ ભારતીય ફિલ્મ છે. ઈ.સ 1958માં 'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ'ની કેટેગરીમાં નોમિનેશન થયું હતું. પરંતુ તેમને પુરસ્કાર મળ્યો ન હતો.

## પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત શ્રી કવિ દાદ બાપુનું 82 વર્ષની વયે નિધન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 'કાળજા કેરો કટકો' અને 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' જેવી અનેક ગીત, ભજન અને કવિતા ઓના રચયિતા શ્રી કવિ દાદ બાપુનું રાજકોટ જિલ્લાના ધુનાના ગામે 82 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી કવિ દાદ

શ્રી કવિ દાદનું પૂરું નામ શ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવી છે.

- તેમને હુલામણા નામથી કવિ દાદ તરીકે ઓળખવામાં આવે છે.
- કવિ દાદનો જન્મ વર્ષ 1940માં વેરાવળ તાલુકાના ઈશ્વરિયા ગામે થયો હતો.
- શ્રી કવિ દાદે ફક્ત ચાર ધોરણ સુધીનું જ શિક્ષણ લીધું હતું.
- કવિ દાદના પિતા શ્રી જૂનાગઢની નવાબી હકુમતમાં રાજ કવિ હતા.
- જૂનાગઢના નવાબે કવિ દાદના પિતા શ્રી પ્રતાપદાન ગઢવીને વેરાવળનું ઈશ્વરીયા અને સાપર ગામ આપ્યું હતું.
- શ્રી કવિ દાદે માત્ર 14 થી 15 વર્ષની ઉંમરે કવિતા રચવાનું શરૂ કર્યું હતું. તેમણે મામાના અવસાન બાદ તેમની યાદમાં છંદ પણ લખ્યો હતો.

- કવિ દાદે 'રા નવઘણ', 'લાખા લોયણ' અને 'ભક્ત ગોરો કુંભાર' જેવી 15 જેટલી ફિલ્મો માટે ગીત લખ્યા હતા.
- શ્રી કવિ દાદના ગામમાં એટલે કે ઈશ્વરિયા ગામમાં શ્રી જેઠાભાઈ ચાવડા નામના એક રાજપુત ખેડુત રહેતા હતા. તેમની લાડકવડી દીકરીનું જ્યારે આણું વળાવવામાં આવ્યું ત્યારે જેઠાભાઈ ઓટલા ઉપર બેસીને ધ્રૂસકે–ધ્રૂસકે રડતા હતા. આ સમયે કવિ દાદ પણ તેમની સાથે સાથે બેઠા હતા.
- પોતાના મિત્રના હૃદયને પીગળાવી નાખે તેવું દશ્ય જોયા પછી કવિ દાદના હૃદયમાંથી નીકળેલા શબ્દોને કલમે કંડારવામાં આવ્યા અને કવિતાની રચના કરવામાં આવી.
- આ કવિતા એટલે 'કાળજા કેરો કટકો મારો', ગાઠથી છુટી ગયો, મમતા રૂએ જેમ વેળુમાં, વીરડો ફૂટી ગયો.......
- આ કવિતા ગુજરાતી ફિલ્મમાં પણ આવેલ તથા તેમને લગ્ન વિદાય સમયે પણ ગાવામાં આવે છે.
- કવિ દાદ લોકસાહિત્યની ધરોહર આગળ વધારનાર ચારણ કવિ છે.

## સાહિત્ય સર્જન

- શ્રી કવિ દાદની મુખ્ય કાવ્ય પંક્તિઓ અને ગીતોની રચનાઓ નીચે મુજબ છે.
  - "ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવુ....."
  - "કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છુટી ગયો....."
  - "લક્ષ્મણ ઘડીક ઊભા રહો મારા વીર....."
  - "કૈલાસ કે નિવાસી નમું બારબાર....."
  - "મોગલ આવે નવરાત રમવા કેવા કેવા વેશે....."
  - "નમુ મંગલારૂપ મોગલ માડી....."
  - "જાત કમાણી કરીને ખાય એ સિંહની જાત....."
  - "મારા ફળિયાના વડલાની ડાળે હિંચકો....."
- આ ઉપરાંત તેમના સાહિત્ય સર્જનમાં 'ચિત્તહરનું ગીત', 'શ્રી કૃષ્ણ છંદાવલી', 'લછનાયન' વગેરે પુસ્તકો ગુજરાતી સાહિત્યને મળ્યા છે.
- તેમનો 'ટેરવા' નામનો ગ્રંથ આઠ ભાગમાં પ્રકાશિત થયો હતો.

## પુરસ્કારો


વર્ષ **1998**માં ગુજરાત સરકાર તરફથી લોકકલા ક્ષેત્રનો એવોર્ડ એનાયત થયો હતો.

- વર્ષ **2003**માં પૂજ્ય શ્રી મોરારી બાપુ પ્રેરિત કવિ શ્રી દુલા કાગ લોક સાહિત્ય એવોર્ડ એનાયત થયો હતો.
- વર્ષ 2021માં સાહિત્ય ક્ષેત્ર ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ ભૂમિમાં જ દૈવત જેવું છે કશુંક
વાવો મહાભારત અને ગીતા નિકળે

છે આ કાલિદાસને ભોજના ખંડેરો
જરાક ખોતરો ત્યાં કવિતા નિકળે



હજું ક્યાંક ધબકે છે લક્ષ્મણ રેખા
રાવણો જ્યાંથી બીતા બીતા નીકળે

કૃષ્ણના ટેરવાં જો આવીને ફંફોસે
તો વાંસળીના ટુકડા ધખીતા નીકળે

ગૂરુ દત્ત જેવાની જો ફૂંક જાય લાગી
તો ધુણા ગીરના હજુ ધખીતા નીકળે

શું તાસીર છે આ ભુમીની હજી રાજા
જનક જેવા હળ હાકે તો સીતા નીકળે
– કવિ દાદ

1. એપ્રિલ, 2021 દરમિયાન કેટલામાં ઓસ્કાર એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું ?

(A) 90 મા (B) 93 મા (C) 92 મા (D) 96 મા (B)

2. અમેરિકાના લોસ એન્જલસ ખાતે આવેલા કયા થિયેટરમાં 93 મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?

(A) ડોલી (B) ડેલ્ટા (C) ડોલ્બી (D) ડોલ્ફિન (C)

3. વર્ષ 2021માં કઈ ફિલ્મને સૌથી વધુ 3 ઓસ્કાર એવોર્ડ એનાયત થયા છે ?

(A) પેરેસાઈટ (B) નોમાડલેન્ડ (C) મિનારી (D) સોલ (B)

4. વર્ષ 2021માં 'બેસ્ટ ડિરેક્ટર'નો ઓસ્કાર એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી ક્લોઈ ઝાહો (B) શ્રી એન્થની (C) શ્રી ડેનિયલ કાલુયા (D) સુશ્રી રેની ઝેલવેગર (A)

5. વર્ષ 2021માં કઈ ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો ?

(A) મિનારી (B) સોલ (C) પેરેસાઈટ (D) નોમાડલેન્ડ (D)

6. વર્ષ 2021માં 'બેસ્ટ એક્ટર' તરીકેનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?

(A) શ્રી એન્થની હોપકિન્સ (B) શ્રી ડેનિયાલ (C) શ્રી બોંગ જૂન હો (D) શ્રી ફેનિક્સ (A)

7. ઓસ્કાર એવોર્ડ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ એવોર્ડને એકેડમી એવોર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

2. ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.

3. સૌ પ્રથમ આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

4. AMPAS દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2, 3 અને 4 (A)

8. તાજેતરમાં શ્રી કવિ દાદ બાપુનું નિધન થયું છે. તેમનો જન્મ વેરાવળ તાલુકાના કયા ગામમાં થયો હતો ?

(A) ખંઢેરી (B) સયાજી રાજપરા (C) ઈશ્વરિયા (D) દેવળી (C)

9. 'કાળજા કેરો કટકો' અને 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થવું' જેવી કાવ્ય પંક્તિઓ કયા ગુજરાતી સાહિત્યકારની છે ?

(A) શ્રી પન્નાલાલ પટેલ (B) કવિ દાદ (C) કવિ કાગ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day For Safety and Health at Work)

## એશિયન ડેવલપમેન્ટ બેંકે ભારતને COVID-19 મહામારી સામે લડવા 1.5 અબજ ડોલરની સહાય કરી

તાજેતરમાં એશિયન ડેવલપમેન્ટ બેંકે (Asian Development Bank) ભારતને COVID-19 મહામારી સામે લડવા માટે 1.5 અબજ ડોલરની નાણાકીય સહાય કરી.

- નોંધનીય છે કે આ નાણાકીય સહાય ADB ના વાર્ષિક અહેવાલ, 2020 મુજબની છે જે તાજેતરમાં જાહેર કરવામાં આવી છે.
- એશિયન ડેવલપમેન્ટ બેંકે વર્ષ 2020માં એશિયા અને પેસિફિક પ્રદેશો માટે 6 અબજ ડોલરની ફાળવણી કરી હતી.
- એશિયા અને પેસિફિક પ્રદેશો માટે ADB દ્વારા નાણાકીય સહાય વર્ષ 2019 કરતા 32% વધારે હતી.
- નોંધનીય છે કે એપ્રિલ 2020માં ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) વચ્ચે 1.5 અબજ ડોલરના લોન એગ્રિમેન્ટ પર હસ્તાક્ષર થયા હતા.
- આ સમજૂતી અંતર્ગત ભારત સરકારને COVID-19 નો સામનો કરવામાં સહાયતા થાય તે હેતુ થી ADB એ 1.5 અબજ ડોલરની સહાય કરી છે.

### ADB વિશે

ADBનું પુરૂં નામ 'Asian Development Bank' છે.

- એશિયન ડેવલપમેન્ટ બેન્ક એ એક પ્રાદેશિક વિકાસ બેન્ક છે.
- એશિયાઈ દેશોના આર્થિક વિકાસમાં સહાયતા કરવાના ઉદ્દેશથી 19 ડિસેમ્બર, 1996 ના રોજ આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારત સહિત કુલ 31 દેશો દ્વારા આ બેન્કની સ્થાપના કરવામાં આવી હતી.
- 28 એપ્રિલ 2021ની સ્થિતિએ આ બેન્કમાં કુલ 68 સભ્ય દેશો છે.
- તેનું વડું મથક ફિલિપિન્સના મનિલામાં અથવા તો ફિલિપિન્સના મેટ્રો મનિલા પ્રદેશના મન્ડાલ્યુયોન્ગ નામના શહેરના Origas Center માં આવેલું છે.

## ચાન્ડલર 'ગુડ ગવર્નસ ઈન્ડેક્સ'માં ભારત 49માં ક્રમે

સરકારી ક્ષમતાઓના સંદર્ભમાં ચાન્ડલર 'ગુડ ગવર્નસ ઈન્ડેક્સ', 2021માં કુલ 104 દેશોમાંથી ભારત 49માં ક્રમે રહ્યું છે.

- આ ઈન્ડેક્સમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે.
- ચાન્ડલર ગુડ ગવર્નસ ઈન્ડેક્સ (CGGI)ને 'ચાન્ડલર ઈન્સ્ટિટયૂટ ઓફ ગવર્નસ' દ્વારા બહાર પાડવામાં આવે છે.
- તે ખાનગી અને બિન–લાભકારી સંસ્થા છે.
- તેમનું વડું મથક સિંગાપોર ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- દરેક દેશને 50થી વધુ ખુલ્લા ડેટા પોઈન્ટ પર માપવામાં આવે છે.
- આ ઈન્ડેક્સ સાત સ્તંભ અથવા પરિમાણો પર કેન્દ્રીત છે. જે નીચે મુજબ દર્શાવ્યા છે.

(1) નેતૃત્વ અને દૂરદર્શિતા
(2) મજબૂત કાયદા અને નીતિઓ
(3) મજબૂત સંસ્થાઓ
(4) નાણાકીય મદદ
(5) આકર્ષક બજાર
(6) વૈશ્વિક પ્રભાવ અને પ્રતિષ્ઠા
(7) લોકોને સશક્ત બનાવવામાં સહાયતા

- CGGI એ રાષ્ટ્ર નિર્માણમાં વિશ્વભરના સરકારી નેતાઓ અને જાહેર અધિકારીઓને ટેકો આપે છે.
- આ ઉપરાંત તાલીમ, સંશોધન, સલાહકાર પ્રવૃતિઓ દ્વારા જાહેર સંસ્થાકીય ક્ષમતાને મજબૂત બનાવે છે.

**CGGI ઈન્ડેક્સ– 2021**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ફિનલેન્ડ |
| 2 | સ્વિત્ઝર્લેન્ડ |
| 3 | સિંગાપોર |
| 4 | નેધરલેન્ડ |
| 5 | ડેનમાર્ક |
| 6 | નોર્વે |
| 49 | ભારત |
| 74 | શ્રીલંકા |
| 90 | પાકિસ્તાન |
| 92 | નેપાળ |

CHANDLER GOOD GOVERNMENT INDEX

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતમાં શાસનના પ્રભાવની આકારણી કરવા માટે ‘કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય’ દ્વારા ‘ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ’ની શરૂઆત કરવામાં આવી છે.
(2) જેના દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશો સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જાહેર હિતમાં કરવામાં આવતા વિવિધ હસ્તક્ષેપોની અસરનું મૂલ્યાંકન કરી શકાય છે.
(3) પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયજીની જન્મ જયંતિ ‘ગુડ ગવર્નન્સ ડે’ તરીકે ઉજવવામાં આવે છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડને આર્મેનિયન નરસંહારને ‘નરસંહાર’ તરીકે માન્યતા આપી

- તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડને વર્ષ 1915- 16માં ઓટોમન તુર્કી (Ottoman Turks) દ્વારા આર્મોનિયન લોકોની સામૂહિક હત્યાઓને ‘નરસંહાર’ તરીકે માન્યતા આપી છે.

## આર્મેનિયન નરસંહાર

- આર્મેનિયન નરસંહારને 20મી સદીનો પ્રથમ હત્યાકાંડ કહેવામાં આવે છે.
- વર્ષ 1915 થી 1917 સુધી તુર્કી સામ્રાજ્યમાં થયેલા આર્મેનિયન લોકોના વિનાશનો ઉલ્લેખ થયેલો છે.
- નવેમ્બર 2014માં પ્રથમ વિશ્વયુધ્ધની શરૂઆત પછી ઓટોમન તુર્કી એ જર્મની અને ઓસ્ટ્રો– હંગેરિયન સામ્રજ્ય સાથેના યુધ્ધમાં ભાગ લીધો હતો.
- ઓટોમન તુર્કીનું માનવું હતુ કે આ યુધ્ધમાં આર્મેનિયન લોકો રશિયાની સાથે રહેશે.
- પરિણામે તે લોકોને દેશમાંથી દુર કરવા માટેની ઝુંબેશ ચાલુ કરી હતી.
- 24 એપ્રિલ, 1915ના રોજ ઓટોમન તુર્કીએ હજારો આર્મોનિયન લોકોની ધરપકડ કરી હત્યા કરી હતી.
- આથી, આર્મોનિયન પરિવારો અને નાના બાળકોને ઘણા દિવસો સુધી સીરિયા અને અરેબિયાના રણમાં અનાજ, પાણી અને આશ્રય વિના જ ચાલ્યા જવાની ફરજ પડી હતી.
- એક અનુમાન મુજબ આ સમયગાળા દરમિયાન લગભગ 1.5 લાખ આર્મેનિયન લોકો સારવાર, દુરઉપયોગ, ભૂખમરો અને નરસંહારના કારણે મૃત્યુ પામ્યા હતા.

## નરસંહારનો અર્થ

- સંયુક્ત રાષ્ટ્રના 'નરસંહાર સમેલન' (ડિસેમ્બર, 1948)ના અનુચ્છેદ– 2 મુજબ, 'નરસંહાર'એ રાષ્ટ્રીય, વંશીય અથવા ધાર્મિક જુથના સંપૂર્ણ અથવા આંશિક વિનાશને ધ્યાનમાં રાખીને કૃતયોનો સંદર્ભ આપે છે.
- વર્ષ 1943મા 'નરસંહાર' શબ્દનો સૌપ્રથમ ઉપયોગ શ્રી રાફેલ લેમકીન દ્વારા કરવામાં આવ્યો હતો.

નોંધ : (1) આર્મેનિયમ લોકો 24મી એપ્રિલને 'આર્મેનિયમ નરસંહાર સ્મરણ દિવસ' તરીકે ઉજવે છે.

(2) આર્મેનિયમ રાષ્ટ્રીય સંસ્થા અનુસાર 30 દેશોએ સત્તાવાર રીતે આર્મેનિયમ નરસંહારને માન્યતા આપી છે.



## WEDNESDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 28 એપ્રિલ (B) 29 એપ્રિલ (C) 30 એપ્રિલ (D) 31 એપ્રિલ — (A)

2. એશિયન ડેવલપમેન્ટ બેંકે ભારતને COVID-19 મહામારી સામે લડવા માટે કેટલી સહાય કરી ?
   (A) 4.5 અબજ ડોલર (B) 3.5 અબજ ડોલર (C) 2.5 અબજ ડોલર (D) 1.5 અબજ ડોલર — (D)

3. ADBએ વર્ષ 2020માં એશિયા અને પેસિફિક પ્રદેશો માટે કેટલા અબજ ડોલરની ફાળવણી કરી હતી ?
   (A) 5 અબજ ડોલર (B) 6 અબજ ડોલર (C) 7 અબજ ડોલર (D) 8 અબજ ડોલર — (B)

4. એશિયન ડેવલપમેન્ટ બેંકની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
   (A) 19 ડિસેમ્બર, 1966 (B) 19 ડિસેમ્બર, 1968 (C) 19 ડિસેમ્બર, 1970 (D) 19 ડિસેમ્બર, 1972 — (A)

5. ADBનું વડું મથક કયા સ્થળે સ્થિત છે ?
   (A) જીનિવા (B) ન્યુયોર્ક (C) મનાલી (D) પેરિસ — (C)

6. ચાન્ડલર ગુડ ગવર્નસ ઈનડેક્સમાં ભારત કેટલામાં ક્રમે રહ્યું છે ?
   (A) 46 (B) 47 (C) 48 (D) 49 — (D)

7. ચાન્ડલર ગુડ ગવર્નસ ઈનડેક્સમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) સિંગાપોર (B) ફિન્લેન્ડ (C) નોર્વે (D) સ્વિત્ઝર્લેન્ડ — (B)

8. ગુડ ગવર્નસ ઈન્ડેક્સ વિશે નિચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   (A) ચાન્ડલર ગુડ ગવર્નસ ઈન્ડેક્સ 'ચાન્ડલર ઈન્સ્ટિટયૂટ ઓફ ગવર્નસ' દ્વારા બહાર પાડવામાં આવે છે.
   (B) તે ખાનગી અને બિન–લાભાકારી સંસ્થા છે.
   (C) તેમનું વડું મથક સિંગાપોર ખાતે આવેલું છે.
   (D) ઉપરોક્ત તમામ — (D)

9. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડને........ નરસંહારને 'નરસંહાર' તરીકે માન્યતા આપી.
   (A) આર્મેનિયમ (B) હાર્મોનિયમ (C) ઈટાલિયન (D) તુર્કીયન — (A)

10. 'આર્મેનિયમ નરસંહાર' કયા વર્ષે થયો હતો ?
   (A) 1915-16 (B) 1912-13 (C) 1944-45 (D) 1942-43 — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day)

## ભારતના નવા નાણાં સચિવ શ્રી ટી.વી. સોમનાથનની નિમણૂક

કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા તાજેતરમાં શ્રી ટી.વી. સોમનાથનની નાણાં સચિવ તરીકે નિયુક્તી કરવામાં આવી છે.

- વર્તમાનમાં તેઓ નાણાં મંત્રાલયના તમામ સચિવોમાં સૌથી વરિષ્ઠ અધિકારી છે.
- શ્રી ટી.વી. સોમનાથન તમિલનાડુ કેડરના 1987ના બેચના IAS (ભારતીય વહીવટી સેવા) અધિકારી છે.
- તેઓ શ્રી અજય ભુષણ પાંડેનું સ્થાન લેશે.
- શ્રી ટી.વી સોમનાથનને વર્ષ 2019માં ખર્ચ સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- તેઓ ખર્ચ વિભાગના સચિવ હતા ત્યારે કોરોના વાઈરસ મહામારી ને કારણે અર્થતંત્રમાં માંગની અછતને દૂર કરવા માટે બનાવવામાં આવેલી યોજનામાં તેઓએ મહતવપૂર્ણ ભુમિકા નિભાવી હતી.
- નાણાં મંત્રાલયમાં આવતા પહેલા તેમણે વડાપ્રધાન કાર્યાલય (PMO)માં પણ કામ કર્યુ હતું.
- આ ઉપરાંત તેઓ બજેટ ટીમમાં સામેલ હતા.

## PM CARES FUND માંથી 1 લાખ પોર્ટેબલ ઓક્સિજન કન્સેન્ટ્રેટર ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ PM-CARES FUNDમાંથી 1 લાખ પોર્ટેબલ ઓક્સિજન કન્સ્ટ્રેટર ખરીદવા માટે મંજૂરી આપી છે.

- શરૂઆતમાં PM CARES FUND અંતર્ગત 162 Pressure Swing Adsorption Oxygen Generation Plantsને મંજૂરી આપવામાં આવી હતી.
- ફ્રાન્સ, બ્રિટન અને અન્ય ઘણા દેશો ઓક્સિજન કન્સેન્ટ્રેટરની સપ્લાય કરીને ભારતની મદદ માટે આગળ આવ્યા છે.

### ઓક્સિજન કન્સ્ટ્રેટર

ઓક્સિજન કન્સ્ટ્રેટર એ એક તબીબી ઉપકરણ છે. જે આજુબાજુની હવામાંથી એક સાથે ઓક્સિજન એકત્રિત કરે છે.

- વાતાવરણમાં 78 % નાઈટ્રોજન અને 21 ટકા ઓક્સિજન હોય છે. જ્યારે અન્ય વાયુ 1 % હોય છે.
- ઓક્સિજન કન્સ્ટ્રેટર વાતાવરણની હવાને અંદર લઈ જાય છે. અને તેને ફિલ્ટર કરે છે.
- ત્યારબાદ તે નાઈટ્રોજનને હવામાં પાછો મુક્ત કરે છે. અને વધેલો ઓક્સિજન દર્દીઓને ઉપલબ્ધ કરાવે છે.

## PM CARES FUND

'PM CARES FUND' નું પુરું નામ Prime Minister's Citizen Assistance Relif in Energency Situations Fund (આપત્તિની સ્થિતિમાં વડાપ્રધાન નાગરિક સહાયતા અને રાહત ફંડ) છે.

- PM CARES FUND એ એક જાહેર ધર્મદા ટ્રસ્ટ (Public Charitable Trust) છે.
- ભારતના વડાપ્રધાન આ ટ્રસ્ટના અધ્યક્ષ હોય છે.
- આ ફંડમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ રકમનું દાન કરી શકે છે.

## Prime Minister's National Relief Fund

ભારતમાં આ અગાઉ જાન્યુઆરી 1948માં Prime Minister's National Relief Fund (PMNRF)ની રચના કરવામાં આવી હતી.

- એ સમયે પાકિસ્તાનમાંથી ભારતમાં આવેલા વિસ્થાપિતોની મદદ માટે ફંડ એકત્ર કરવા ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા આ ફંડની રચના કરવામાં આવી હતી.
- જોકે, ભારતમાં હાલ પૂર, ચક્રાવત, ભૂકંપ, કોમી રમખાણ વગેરે જેવી આપત્તિમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારાનોને મદદ કરવા માટે આ ફંડમાંથી નાણાં આપવામાં આવે છે.

## SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ

સ્ટોક હોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (Stockholm International Peace Research Institute - SIPRI)એ તાજેતરમાં તેનો 'Trends in World Military Expenditure' રિપોર્ટ બહાર પાડયો છે.

- આ રિપોર્ટ અનુસાર વિશ્વના ટોચના સૈન્ય ખર્ચ કરનારા દેશોમાં યુ.એસ, ચીન અને ભારત છે.
- આ ત્રણ દેશોએ એકલા વૈશ્વિક સૈન્યખર્ચમાં 62 ટકા યોગદાન આપ્યું છે.
- વર્ષ 2020માં યુ.એસ એ તેના સૈન્ય પર 778 અબજ ડોલરનો ખર્ચો કર્યો હતો.
- જ્યારે ચીન અને ભારતે અનુક્રમે 252 અબજ ડોલરનો ખર્ચ કર્યો છે.
- ભારતના સૈન્ય ખર્ચમાં 1%, ચીન 1.9% અને યુ.એસના સૈન્ય ખર્ચમાં 4.4% નો વધારો થયો છે.
- યુ.એસએ તેના GDPના 7% સૈન્ય પર ખર્ચ કર્યો છે જ્યારે ભારત અને ચીને તેના GDPના અનુક્રમે 9% અને 1.7% ખર્ચ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## SIPRI વિશે

SIPRIનું પુરું નામ **'Stockholm International Peace Research Institute'** છે.

- SIPRIએ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1966માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા યુધ્ધ અને તકરાર, હથિયારો, શસ્ત્ર નિયંત્રણ અને નિશસ્ત્રીકરણના ક્ષેત્રમાં સંશોધન કરે છે. તથા વિશ્લેષણ અને સૂચનો પ્રદાન કરે છે.
- તેનું મુખ્યમથક સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં આવેલું છે અને તે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત થિંક ટેન્કોની સૂચિમાં શામેલ છે.

નોંધ : (1) હથિયારની સૌથી વધુ નિકાસ કરનારા દેશોમાં યુ.એસ, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે.

(2) વૈશ્વિક સ્તરે લશ્કરી ખર્ચ 2019ની તુલનામાં 1981 અબજ યુ.એસ ડોલર સુધી પહોંચી ગયો છે.

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ ડાન્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 28 એપ્રિલ (B) 29 એપ્રિલ (C) 30 એપ્રિલ (D) 27 એપ્રિલ — (B)

2. ભારતના નવા નાણા સચિવ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) શ્રી ટી.વી સોમનાથન (B) શ્રી અજયભૂષણ પાંડે (C) શ્રી અજય મિશ્રા (D) શ્રી એન.વી રમન્ના — (A)

3. શ્રી ટી.વી સોમનાથન કઈ કેડરના IAS અધિકારી છે ?

(A) આંધ્રપ્રદેશ (B) ગુજરાત (C) તમિલનાડુ (D) કેરળ — (C)

4. PM CARE FUND માંથી કેટલા લાખ પોર્ટેબલ ઓક્સિજન કન્સન્ટ્રેર ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી છે ?

(A) એક લાખ (B) બે લાખ (C) ત્રણ લાખ (D) ચાર લાખ — (A)

5. PM CARE FUND વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે એક જાહેર ધર્મદા ટ્રસ્ટ છે.

(B) તેમના અધ્યક્ષ ભારતના વડાપ્રધાન હોય છે.

(C) આ ફંડમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ રકમનું દાન કરે છે.

(D) ઉપરોક્ત તમામ — (D)

6. SIPRI રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનો કેટલામો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ છે ?

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો — (C)

7. SIPRI રિપોર્ટ અનુસાર સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ કયો છે ?

(A) યુ.એસ (B) ચીન (C) ઈઝરાયલ (D) રશિયા — (A)

8. SIPRI ની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1962 (B) 1966 (C) 1968 (D) 1970 — (B)

9. SIPRI નું વડું મથક કયા આવેલું છે ?

(A) શંઘાઈ (B) ન્યુયોર્ક (C) વોશિંગ્ડન ડિસી (D) સ્ટોકહોમ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન (સંશોધન) અધિનિયમ, 2021

તાજેતરમાં રાજધાની દિલ્હીના ઉપરાજ્યપાલની શક્તિઓમાં વધારા સંબંધિ દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન (સંશોધન) અધિનિયમ, 2021 લાગુ કરવામાં આવ્યો છે.

## દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન (સંશોધન) અધિનિયમની મુખ્ય જોગવાઈઓ

આ અધિનિયમ દ્વારા વર્ષ 1991ના અધિનિયમની કલમ 21, 24, 33 અને 44માં સુધારો કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં 'સરકાર'નો અર્થ લેફ્ટનન્ટ ગવર્નર હશે.
- દિલ્હીની વિધાનસભાને કાયદો બનાવવા માટે સશક્ત કરવામાં આવેલા અધિકારોમાં પણ આ અધિનિયમ લેફ્ટનન્ટ ગવર્નરને વિવેકપૂર્ણ સત્તા આપે છે.
- આ અધિનિયમ સુનિશ્ચિત કરે છે કે મંત્રી પરિષદ (અથવા દિલ્હી કેબિનેટ) દ્વારા લીધેલા કોઈપણ નિર્ણયને અમલમાં મૂકતા પહેલા લેફ્ટનન્ટ ગવર્નરને તેમનો અભિપ્રાય આપવાની યોગ્ય તક આપવામાં આવે.

**નોંધ :** (1) આ સુધારો સુપ્રીમ કોર્ટના જુલાઈ 2018ના નિર્ણયની સાથે સુસંગત છે. જેમા મુખ્યમંત્રી અને દિલ્હીના ઉપરાજ્યપાલની શક્તિઓને સ્પષ્ઠ કરવામાં આવી છે.

(2) આ અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ લોકોની જવાબદારીને પ્રોત્સાહન આપવાનો અને રોજ–રોજના વહીવટને લગતી તકનીકી અસ્પષ્ટતાઓને દુર કરવાનો છે.

## દિલ્હી માટે વિશેષ જોગવાઈઓ

બંધારણના અનુચ્છેદ– 239 (A) (A) માં દિલ્હી સંબંધિત વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.

- '69માં બંધારણીય સુધારા અધિનિયમ,1991' દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશને 'રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી' નામ આપવામાં આવ્યું હતું.
- તથા રાષ્ટ્રપતિના વહીવટદાર તરીકે ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર)ની જોગવાઈ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત 69માં બંધારણીય સુધારા દ્વારા દિલ્હી વિધાનસભાની સંખ્યા 70 રાખવામાં આવી છે.
- દિલ્હી વિધાનસભા રાજ્યયાદી અને સમવર્તીયાદીના વિષયો પર કાયદો બનાવી શકે છે.
- પરંતુ રાજ્યયાદીના વિષયો જેવા કે 'લોકવ્યવસ્થા', પોલીસ અને જમીન અંગે કાયદો બનાવી શકશે નહીં. જે દિલ્હી વિધાનસભા અને અન્ય રાજ્યોની વિધાનસભા વચ્ચેનો તફાવત છે.
- આ ત્રણેય વિષયો પર કાયદો બનાવવાની સત્તા દિલ્હીના સંદર્ભમાં કેન્દ્ર સરકાર પાસે છે.
- દિલ્હીના ઉપરાજ્યપાલને સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવામાં આવે છે. અને આ મંત્રી પરિષદમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની મહત્તમ સંખ્યા વિધાન સભા ગૃહની કુલ સભ્ય સંખ્યાના 10% થી વધુ રહેશે નહીં.
- એટલે કે હાલમાં દિલ્હી વિધાનસભામાં કુલ સભ્ય સંખ્યા 70 છે આથી 1 મુખ્યમંત્રી અને 6 અન્યમંત્રી સહિત મંત્રીપરિષદની સંખ્યા 7 રહેશે.
- બંધારણના અનુચ્છેદ 239 (A) (B)માં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીનો વહીવટ બંધારણીય મુજબ ચાલતો ન હોય તે પરિસ્થિતિ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત ઉપરાજ્યપાલ રાષ્ટ્રપતિને સૂચન કરે કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીનો વહીવટ બંધારણીય રીતે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ચાલી શકે તેમ નથી તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિ પોતાના આદેશ દ્વારા અથવા ઉપરાજ્યપાલના અહેવાલના આધારે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડી શકે છે.

## શૂટર દાદી તરીકે જાણીતા સુશ્રી ચંન્દ્રો તોમરનું નિધન

તાજેતરમાં જાણીતા શૂટર ચંન્દ્રો તોમરનું નિધન થયું છે. તેઓ **COVID-19**થી સંક્રમિત હતા.

- સુશ્રી ચંન્દ્રો તોમરનો જન્મ **10 જાન્યુઆરી, 1932**ના રોજ ઉત્તરપ્રદેશના શામલીમાં થયો હતો.
- તેઓએ વર્ષ **1999**માં શૂટિંગ શીખવાનું શરૂ કર્યુ હતું આ સમયે તેમની ઉંમર લગભગ **60** વર્ષની હતી.
- તેમણે શૂટિંગ ક્ષેત્રે **30થી વધુ** રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપ જીતી હતી.
- તેઓ એક ઉત્તમ શૂટર અને મહિલા સશક્તિકરણના પ્રતિક સમાન હતા.
- તેમના જીવન પર 'સાંડ કી આંખ' નામની એક ફિલ્મ પણ બનાવવામાં આવી હતી.
- જેમાં ચન્દ્રો દેવીની ભૂમિકા તાપસી પન્નુએ કરી હતી.

## વરિષ્ઠ પત્રકાર શ્રી રોહિત સરદાનાનું નિધન

આજ તકના વરિષ્ઠ પત્રકાર શ્રી રોહિત સરદારનું **COVID-19**ના કારણે નિધન થયું છે.

- રોહિત સરદાનાને વર્તમાન સમયમાં દેશના સર્વશ્રેષ્ઠ અને ઝડપથી પ્રગતિ કરનાર પત્રકાર માનવામાં આવતા હતા.
- વર્તમાનમાં તેઓ આજ તકના 'દંગલ' નામના શો માટે જાણીતા હતા.
- આ અગાઉ તેઓ 'તાલ ઠોક કે' (Taal Thok Ke) કાર્યક્રમ હોસ્ટ કરતા હતા.
- શ્રી રોહિત સરદાનાનો જન્મ **22 સપ્ટેમ્બર, 1979**ના રોજ હરિયાણાના કુરૂક્ષેત્ર ખાતે થયો હતો.
- તેઓ વર્ષ **2004**માં ઝી ન્યૂઝ સાથે જોડાયા હતા. જેમાં તેમણે વર્ષ **2017** સુધી કામ કર્યુ હતું.
- ત્યારબાદ વર્ષ **2017**માં તેઓ આજ તક સાથે કામ કરવાનું શરૂ કર્યુ હતું.
- રોહિત સરદાનાએ મનોવિજ્ઞાનમાં સ્નાતક ડિગ્રી મેળવી હતી.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

1. 'દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન (સંશોધન) અધિનિયમ, 2021' સંદર્ભે કયા વિધાન સાચા છે ?

1. આ અધિનિયમ દ્વારા વર્ષ 1991ના અધિનિયમની કલમ 21, 24, 33 અને 44માં સુધારો કરવામાં આવ્યો છે.

2. આ અધિનિયમ દ્વારા દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં 'સરકાર'નો અર્થ લેફ્ટનન્ટ ગવર્નર હશે.

3. આ અધિનિયમ અંતર્ગત દિલ્હી વિધાનસભાને કાયદો બનાવવા માટે આપેલ અધિકારોમાં પણ લેફ્ટનન્ટ ગવર્નરને વિવેકપૂર્ણ સત્તા આપવામાં આવી છે.

(A) ફક્ત 2 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 3 (B)

2. કયા બંધારણીય સુધારા દ્વારા દિલ્હી માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી ?

(A) 69 માં બંધારણીય સુધારા અધિનિયમ, 1991

(B) 70 માં બંધારણીય સુધારા અધિનિયમ, 1992

(C) 71 માં બંધારણીય સુધારા અધિનિયમ, 1993

(D) 72 માં બંધારણીય સુધારા અધિનિયમ, 1994 (A)

3. કયા બંધારણીય સુધારા દ્વારા દિલ્હીને 'રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી'નામ આપવામાં આવ્યું ?

(A) 67 માં (B) 69 માં (C) 72 માં (D) 76 માં (B)

4. અનુચ્છેદ 239 (A) (A) કયા રાજ્ય અથવા કેન્દ્ર શાસીત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) દિલ્હી (B) પુડુચેરી (C) કેરળ (D) મિઝોરમ (A)

5. તાજેતરમાં સુશ્રી ચન્દ્રો તોમરનું નિધન થયું છે. જે.......... સાથે સંકળાયેલા હતા.

(A) હોકી (B) ચેસ (C) શૂટર (D) રેસલિંગ (C)

6. તાજેતરમાં વરિષ્ઠ પત્રકાર શ્રી રોહિત સરદાનાનું નિધન થયુ છે. જેઓ કઈ ટિવી ચેનલના એન્કર તરીકે જાણીતા હતા ?

(A) ઝી ટીવી (B) આજ તક (C) સ્ટાર ન્યૂઝ (D) એ.બી.પી ન્યૂઝ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : (1) ગુજરાત સ્થાપના દિવસ (ગુજરાત ગૌરવ દિવસ)
(2) મહારાષ્ટ્ર સ્થાપના દિવસ
(3) આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Worker's Day અથવા તો Labour Day)

## ગુજરાતનો 61મો સ્થાપના દિવસ

1 મે, 2021ના ગુજરાતના 61માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.

- ભારતની આઝાદી બાદ 'બૃહદ્ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ' માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર સ્થાપના દિવસ ઉજવાય છે.
- ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

નોંધ : ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઉજવાય છે.

## આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ

દર વર્ષે 1 મે ના રોજ સમગ્ર વિશ્વમાં આર્થિક અને સામાજિક અધિકારોને પ્રાપ્ત કરવા માટે તથા શ્રમિકોના બલિદાનને શ્રંધ્ધાજલી આપવા માટે 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ દિવસ દરમિયાન આઠ કલાકના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- પહેલા ના સમયમા મજૂરોની કામ કરવાની સ્થિતિ વધારે ગંભિર હતી. અને આ સમય દરમિયાન મજૂરોને 10 થી 16 કલાક સુધી કામ કરવું પડતું હતું આથી ઘણા મજૂરોના મૃત્યુ થતા.
- વર્ષ 1886 માં અમેરિકાના શિકાંગોમાં મજૂરોએ એક અઠવાડિયામાં દરોરોજ આઠ કલાક કામ અને એક દિવસની રજાની માંગ કરી.
- આ અંતર્ગત મજૂરોના સંઘર્ષ બાદ વર્ષ 1986માં અમેરિકન ફેડરેશન ઓફ લેબર દ્વારા શિકાંગોમાં મજૂરો માટે કાનૂની સમય ઘોષિત કરવામાં આવ્યો.
- ત્યારબાદ વર્ષ 1889માં પેરિસમાં આયોજિત આંતરરાષ્ટ્રીય શ્રમિકોની મહાસભાની બિજી બેઠકમાં 1 મે ને 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જાપાન સરકાર દ્વારા બેંગલુરુની શિક્ષિકાને 'Order of the Rising Sun'થી સન્માનિત કરવામાં આવ્યા

જાપાન સરકારે તાજેતરમાં બેંગલુરૂ સ્થિત જાપાની શિક્ષિકા સુશ્રી શ્યામલા ગણેશને 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' (Order of Rising Sun)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- સુશ્રી શ્યામલા ગણેશ 'સેપ્ટુજેનિરેનિયન સંસ્થા'મા એક જાપાની શિક્ષિકા છે. આ ઉપરાંત તે બેંગલુરૂ સ્થિત આર.ટી નગર સ્થિત ઈકાનાની ઓહરા સ્કૂલમાં પણ કામ કરે છે.
- સુશ્રી શ્યામલા ગણેશ વર્ષ 1983માં બેગલુરુમાં તેમના પતિ સાથે જાપાની ભાષાની શાળા શરૂ કરી હતી.

## Order of Rising Sun

આ પુરસ્કાર જાપાનના સમ્રાટ અથવા તો વડાપ્રધાન દ્વારા આપવામાં આવે છે.

- 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' પુરસ્કારની શરૂઆત વર્ષ 1875માં કરવામાં આવી હતી.
- આ એવોર્ડ એવા લોકોને આપવામાં આવે છે કે જેમણે જાપાનની સંસ્કૃતિ, આંતરરાષ્ટ્રીય સંબંધો અને પર્યાવરણ ક્ષેત્રે પ્રોત્સાહન આપ્યું હોય.
- બિજા વિશ્વ યુધ્ધ પહેલા આ પુરસ્કાર સૈનિકોને પણ આપવામાં આવતો હતો.
- આ પુરસ્કાર જાપાનની સરકાર દ્વારા આપવામાં આવતો ત્રીજો સૌથી સર્વોચ્ચ પુરસ્કાર છે.
- બિન–જાપાનીને આ પુરસ્કાર આપવાની શરૂઆત વર્ષ 1981માં થઈ હતી.
- આ પુરસ્કાર મરણોત્તર વ્યક્તિને પણ આપવામાં આવે છે.

## અન્ય સર્વોચ્ચ જાપાની પુરસ્કાર

(1) **Order of Chrysanthemum** : આ પુરસ્કાર જાપાનના સર્વોચ્ચ પુરસ્કાર છે. જે મુખ્યત્વે રાષ્ટ્ર પ્રમુખોને આપવામાં આવે છે.

(2) **Order of Paulownia Flowers** : આ પુરસ્કાર જાપાન સરકાર દ્વારા આપવામાં આવતો સૌથી બીજો સર્વોચ્ચ પુરસ્કાર છે. આ પુરસ્કારની સ્થાપના વર્ષ 1888માં થઈ હતી.

- આ પુરસ્કાર મુખ્યત્વે રાજનેતાઓને આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી ડો. મનમોહનસિંઘને પણ આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતીય નૌકાદળ દ્વારા ઓપરેશન સમુદ્ર સેતુ– 2 ની શરૂઆત કરી

તાજેતરમાં ભારતીય નૌકાદળે ઓક્સિજનની આવશ્યકતાઓને પહોંચી વળવા માટે 'ઓપરેશન સમુદ્ર સેતુ– 2' શરૂ કર્યુ છે.

- આ મિશન અંતર્ગત ભારતીય નૌકાદળના યુધ્ધ જહાજોને કોવિડ–19 સામેની રાષ્ટ્રની લડતના સમર્થન લિક્વિડ ઓક્સિજન ભરેલા ક્રિઓજેનિક કન્ટેનર અને સંબંધિત તબીબી ઉપકરણોના શિપમેન્ટ માટે તૈનાત કરવામાં આવશે.
- બે જહાજો INS કોલકતા અને INS તલવારને મુંબઈમાં 40MT ઓક્સિજન લઈ જવા માટે બહેરાનના મનામાં બંદરે પ્રવેશ્યા છે.

- આ ઉપરાંત <u>INS જલાશ્વ</u>ને <u>બેંગકોક</u> અને <u>INS એરાવત</u>ને સિંગાપોર મોકલવામાં આવ્યા છે.


## ઓપરેશન સમુદ્ર સેતુ

- ગયા વર્ષે ભારતીય નૌકાદળે <u>'વંદે માતરમ'</u> મિશનના ભાગરૂપે <u>'ઓપરેશન સમુદ્ર સેતુ'</u> શરૂ કર્યું હતું.
- આ ઓપરેશન દ્વારા <u>માલદીવ</u>, <u>શ્રીલંકા</u> અને <u>ઈરાન</u>માં ફસાયેલા <u>ભારતીય નાગરિકો</u>ને દેશમાં પાછા લાવવા માટે શરૂ કરવામાં આવ્યું હતું.

## વિદેશોમાંથી પ્રાપ્ત રાહત સામગ્રી

- બ્રિટન <u>495 ઓક્સિજન કન્સ્ટ્રેટર</u>, <u>20 મેન્યુઅલ વેન્ટિલેટર</u>, <u>120 બિન–ઈનવેસિવ વેન્ટિલેટર</u> ભારત મોકલશે.
- <u>ફ્રાન્સ</u> ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન કન્ટેનર મોકલશે.
- <u>આયર્લેન્ડ</u> 700 ઓક્સિજન કન્સ્ટ્રેટર મોકલશે.
- આ ઉપરાંત <u>જર્મની</u>, <u>અમેરિકા</u> અને <u>ઓસ્ટ્રેલિયા</u> અલગ અલગ ઉપકરણો ભારત મોકલશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SATURDAY Questions

1. કયા દિવસે 'ગુજરાત સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 એપ્રિલ (B) 01 મે (C) 02 મે (D) 03 મે — (B)

2. 1 મે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની સાથે કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?

(A) રાજસ્થાન (B) તમિલનાડુ (C) કેરળ (D) મહારાષ્ટ્ર — (D)

3. વર્ષ 2021માં ગુજરાતમાં કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 60 (B) 61 (C) 62 (D) 63 — (B)

4. ગુજરાત સ્થાપના દિવસ વિશે નીચેના પૈકી કયું વિધાન સાચુ છે ?

(A) ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

(B) ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા — (C)

5. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે — (A)

6. જાપાન સરકાર દ્વારા બેંગલુરુ સ્થિત કઈ શિક્ષિકાને 'Order of The Rising Sun'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) સુશ્રી શ્યામલા ગણેશ (B) સુશ્રી રમલા ગણેશ

(C) સુશ્રી નિર્માલન ગણેશ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં — (A)

7. 'Order of Paulownia Flowers' એ જાપાન સરકારનો સર્વોચ્ચ બીજો પુરસ્કાર છે. આ એવોર્ડ ભારતના પૂર્વ વડાપ્રધાન ..... ને સન્માનિત કરવામાં આવ્યા હતા.

(A) શ્રી અટલ બિહારી વાજપેય (B) શ્રી રાજીવ ગાંધી

(C) ડૉ. મનમોહન સિંઘ (D) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી — (C)

8. ભારતીય નૌકાદળે વિદેશમાંથી સામગ્રી લાવવા માટે કયું ઓપરેશન શરૂ કર્યુ ?

(A) સમુદ્ર સેતુ– 1 (B) સમુદ્ર સેતુ– 2 (C) સમુદ્ર સેતુ– 3 (D) સમુદ્ર સેતુ– 4 — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **ગુજરાતમાં 1લી મે થી 18 વર્ષથી ઉપરના લોકોને મફત રસી**

1 મેથી ગુજરાતમાં 18 થી 45 વર્ષના લોકોને મફત રસી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ગુજરાત સરકારે કોવિશિલ્ડ અને કોવેક્સિન રસીના દોઢ કરોડ ડોઝના ઓર્ડર આપ્યા છે. આ માટે કો–વિન વેબસાઈટ અને આરોગ્ય સેતુ એપ્લિકેશન પર ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ નંબર પ્રમાણે રસી આપવામાં આવશે. આ ઉપરાંત અન્ય 14 રાજ્યોએ તમામ વયજૂથના લોકોને મફત વેક્સિન આપવાની જાહેરાત કરી છે.

## ભારત

➤ **ઓક્સિજન પરિવહન વાહનો માટેની તમામ કસ્ટમ ડ્યુટી નાબૂદ કરી**

કેન્દ્ર સરકારે કોરોના વાઈરસના કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને ઓક્સિજન અને તેનાથી સંબંધિત ઉપકરણોની કસ્ટમ ડ્યૂટી હાલ પુરતી હટાવી દેવામાં આવી છે. જેથી આ વસ્તુઓને વધુ સસ્તી અને ઝડપથી લોકો સુધી પહોંચતી કરી શકાશે. આ માટે પ્રધાનમંત્રીશ્રીએ એક વિશેષ બેઠક બોલાવી હતી. ઓક્સિજન સાથે સંકળાયેલી આશરે 16 જેટલી વસ્તુઓમાં કસ્ટમ ડ્યૂટીને હટાવાઈ છે. જેમાં ઓક્સિજન કોન્સેન્ટ્રેટર, ફ્લોમિટર, રેગ્યુલેટર, કનેક્ટર્સ, ટ્યૂબિંગ, ઓક્સિજન કેનિસ્ટર, ફિલિંગ સિસ્ટમ, સ્ટોરેજ ટેન્ક, સિલિન્ડર્સ, ટેન્ક વગેરેનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **શ્રી રવીન્દ્ર જાડેજા IPLના ઈતિહાસમાં એક ઓવરમાં પાંચ સિક્સ મારનાર ત્રીજો ખેલાડી બન્યો.**

શ્રી રવીન્દ્ર જાડેજાએ બેગ્લોર સામેની મેચમાં શ્રી હર્ષલ પટેલ સામેની ઓવરમાં પાંચ સિક્સ અને 36 રન કરનાર IPLના ઈતિહાસમાં ત્રીજો ખેલાડી બન્યા છે. નોંધનીય છે કે શ્રી રવીન્દ્ર જાડેજા ચેન્નાઈની ટીમ તરફથી રમી રહ્યા છે. આ મેચમાં તેઓ પાંચ સિક્સ અને ચાર બાઉન્ડ્રી ફટકારી અણનમ 62 રન બનાવ્યા હતા. આ ઉપરાંત તેઓ આ મેચમાં મેન–ઓફ–ધ મેચ પણ બન્યા હતા.

➤ **કેબિનેટે ભારત અને યુ.કે વચ્ચે કસ્ટમ સહયોગ અંગેના કરારને મંજૂરી આપી છે.**

28 એપ્રિલ, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે ભારત સરકાર અને બ્રિટન સરકાર વચ્ચે થયેલા કરારને મંજૂરી આપી છે. બંને દેશો વચ્ચે કસ્ટમસ બાબતોમાં સહકાર અને પરસ્પર વહીવટી સહાયતા અંગેના કરાર પર હસ્તાક્ષર થયા હતા. આ કરાર બંને દેશોના કસ્ટમ વિભાગ વચ્ચે ગુપ્ત માહિતી વહેંચવા માટે કાનૂની માળખું પ્રદાન કરે છે. જેથી, કસ્ટમના કાયદાનું પાલન કરવામાં અને તેની તપાસ કરવામાં મદદ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સપ્લાય ચેઈન રેસીલિયન્સ પહેલ**

27 એપ્રિલ, 2021ના રોજ ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાને ઓપચારિકરૂપે સપ્લાય ચેઈન રેસીલિયન્સ પહેલ શરૂ કરી છે. આ સપ્લાય ચેઈન ચીનના વર્ચસ્વનો સામનો કરવા માટે શરૂ કરવામાં આવેલ પહેલ છે.

તેમનો મુખ્ય ઉદ્દેશ COVID-19 મહામારી દરમિયાન સપ્લાય ચેઈન વિક્ષેપોને અટકાવવાનું છે. આ પહેલ મુખ્યત્વે રોકાણોના વૈવિધ્યીકરણ અને ડિજિટલ તકનિક અપનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

➤ **અભિનેતા શ્રી બ્રિક્રમજીત કન્વરપાલનું નિધન**

1 મે, 2021ના રોજ પ્રસિધ્ધ અભિનેતા બિક્રમજીત કન્વરપાલનું નિધન થયું છે. શ્રી બિક્રમજીતે અનેક ફિલ્મ, ટિવી શો અને વેબ સિરીજમાં કામ કર્યુ છે. શ્રી બિક્રમજીતનો જન્મ હિમાચલ પ્રદેશના સોલન ખાતે થયો હતો. તેમના પિતાશ્રી દ્વારકાનાથ કન્વરપાલ ભારતીય સેનામાં ઓફિસર હતા. જેમને કિર્તિ ચક્ર પુરસ્કાર પણ મળ્યો હતો. બિક્રમજીતની પ્રસિધ્ધ ફિલ્મોમાં પેજ–3, કોર્પોરેટ, અતિથી તુમ કબ જાઓગે, નોકઆઉટ, આરક્ષણ, જોકર, જંજિર, પ્રેમરતન ધન પાયો, 2-સ્ટેટ વગેરેનો સમાવેશ થાય છે.

## વિશ્વ

### ➤ મ્યાનમાર પર આસિયાનની પહેલ

ભારત સરકારે તાજેતરમાં મ્યાનમાર અંગેની આસિયાન પહેલને આવકારી છે. મ્યાનમાર કટોકટી અંગે આસિયાન દેશોએ પાંચ મુદ્દાકીય નિવેદન જારી કર્યું છે. આ નિવેદન હેઠળ આસિયાન દેશોએ 'હિંસાની તાત્કાલિક સમાપ્તિ' માટે હાકલ કરી છે. આ પહેલના પાંચ મુદ્દામાં હિંસાનો અંત, તમામ પક્ષો વચ્ચે રચનાત્મક સંવાદનું આયોજન, સર્વપક્ષીય સંવાદને સરળ બનાવવા માટે વિશેષ આસિયાન દૂતની નિમણૂક, સહાયની સ્વીકૃતિ અને લશ્કરી નેતા સાથે મ્યાનમારમાં મુલાકાત લેવા માટેના આસિયાનના વિશેષ દૂતનો સમાવેશ થાય છે.નોંધનીય છે કે ફેબ્રુઆરી, 2021માં મ્યાનમારની સેનાએ આંગ–સાન–સુ–કીની નેતૃત્વવાળી સરકારને બરતરફ કરી દીધી હતી.

### ➤ કરેન વિદ્રોહ (Karen Rebels)

તાજેતરમાં કરેન વિદ્રોહિઓએ મ્યાનમારમાં એક સૈન્ય ચોકી કબજે કરી હતી. આ પોસ્ટ ઉત્તર પશ્ચિમ થાઈલેન્ડની સરહદ નજીક સ્થિત છે. કરેન વિદ્રોહ અથવા બળવાખોરએ મ્યાનમારમાં સૌથી જૂનું બળવાખોર જૂથ છે. તેઓએ 'કરેન નેશનલ યુનિયન'ની રચના પણ કરી છે. તેઓ વર્ષ 1949થી મ્યાનમાર સરકાર વિરુધ્ધ લડત આપી રહ્યા છે. તેઓ 'કાવથૂલી' નામના સ્વતંત્ર રાજ્યો માટે લડત લડી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- કયા સાધનના પરિવહનના વાહનો માટે કસટમ ડ્યૂટી નાબૂદ કરી. – ઓક્સિજન

- ગુજરાતમાં 1 મે થી કેટલા વર્ષ ઉપરના તમામ વ્યક્તિને મફત રસી આપવામાં આવશે ? – 18

- COVID-19 ની રસી લેવા માટે કઈ વેબસાઈટ અથવા એપ્લિકેશનમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે ?

  – કો–વિન વેબસાઈટ અને આરોગ્ય સેતુ એપ્લીકેશન

- તાજેતરમાં કયો ખેલાડી IPLમાં 1 ઓવરમાં પાંચ સિક્સ મારનાર ત્રીજો ખેલાડી બન્યો ? – રવીન્દ્ર જાડેજા

- ભારત સરકારે તાજેતરમાં કયા દેશ અંગેની આસિયાન પહેલને આવકારી છે ? – મ્યાનમાર

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને U.K વચ્ચેના કયા સહયોગ અંગેના કરારને મંજૂરી આપી છે ?

  – કસ્ટમ

- ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાને ઓપચારિક રીતે કઈ પહેલ શરૂ કરી છે ? – સપ્લાય ચેઈન રેસિલિયનર પહેલ

- તાજેતરમાં શ્રી બિક્રમજીતનું નિધન થયું છે. જેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ

- કરેન વિદ્રોહિ કયા દેશના વતની છે ? – મ્યાનમાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. આફ્રિકાનો કયો દેશ આંખના ચેપનો રોગ 'ટ્રેકોમા'ને દૂર કરનાર બીજો દેશ બન્યો છે ? – ગેમ્બિયા

(ગેમ્બિયા તાજેતરમાં ટ્રેકોમાને દૂર કરનાર બીજો આફ્રિકન દેશ બન્યો છે. ટ્રેકોમા અંધત્વના અગ્રણી કારણોમાંનું એક છે. ટ્રેકોમાં આંખનો ચેપી રોગ છે જે આંખના પોપચાને નુકસાન પહોંચાડે છે. વર્ષ 2018માં ધાના ટ્રેકોમાને દૂર કરનાર પ્રથમ આફ્રિકન દેશ બન્યો હતો)

2. રશિયાની સેન્ટ્રલ બેંકે વ્યાજના દરમાં કેટલા ટકાનો વધારો કર્યો છે ? – 5 %

(સેન્ટ્રલ બેંક ઓફ રશિયાએ વ્યાજ દર 4.5 થી વધારીને 5 % કર્યુ છે.)

3. તાજેતરમાં કઈ ખેલાડી IPLમાં 200 સિક્સર મારનાર સાતમો ખેલાડી બન્યો છે ? – સુરેશ રૈના

4. વિકાસશીલ દેશો માટે આબોહવા નાણાને બમણા કરવા માટે કયા દેશએ 'આંતરરાષ્ટ્રીય હવામાન નાણાકીય યોજના'ની જાહેરાત કરી હતી ? – અમેરિકા

5. કઈ નાણાકીય સેવા કંપનીએ BOB Financial સાથે 'ConQR-'- QR કોડ એમ્બેડ ક્રેડિટ કાર્ડ શરૂ કર્યા છે ?

– માસ્ટર કાર્ડ

6. 'માઉન્ટ અન્નપૂર્ણા' જે તાજેતરમાં ચર્ચામાં રહ્યું હતું. જે કયા દેશમાં સ્થિત છે ? – નેપાળ

(તાજેતરમાં મહારાષ્ટ્રના સતારાના સુશ્રી પ્રિયંકા મોહિત અન્નપૂર્ણા પર્વત પર ચડનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા હતા. અન્નપૂર્ણા પર્વતમાળા ઉત્તર–નેપાળમાં સ્થિત છે.)

7. તાજેતરમાં 'KRINANGGALA' સબમરિન સમુદ્રમાં ડુબી જવાના અહેવાલ મળ્યા હતા. તે કયા દેશની સબમરીન છે ? – ઈન્ડોનેશિયા

8. તાજેતરમાં કયા રાજ્યના જંગલમાં આગ ફાટી નિકળી હતી ? – મિઝોરમ

9. કયો દેશ વિશ્વના સૌથી શક્તિશાળી હવામાન–પરિવર્તન આગાહી માટેના સુપર કમ્પ્યુટરનું નિર્માણ કરશે ?

– યુનાઈટેડ કિંગ્ડમ

(મૌસમ કાર્યાલય (Met Office) અને માઈક્રોસોફ્ટ બ્રિટનમાં એક હવામાન પરિવર્તન આગાહી માટેનું સુપર કમ્પ્યુટરનું નિર્માણ કરશે. U.K સરકાર આ યોજના માટે 1.2 અબજનું રોકાણ કરશે.)

10. ગુગલે ભારતને કોવિડ–19 મહામારી સામે લડવા માટે કેટલી સહાય પ્રદાન કરવાની જાહેરાત કરી છે ?

– 18 મિલિયન ડોલર (135 કરોડ રૂપિયા)

(ગુગલ અને માઈક્રોસોફ્ટે તાજેતરમાં ભારતને કોવિડ–19 સામે લડવામાં મદદ કરવા પ્રતિબધ્ધતા આપી છે. ગુગલ 18

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

મિલિયન ડોલર (135 કરોડ રૂપિયા) આપશે જ્યારે માઈક્રોસોફ્ટ ઓક્સિજન અને તેને લગતા ઉપકરણોની ખરીદી માટે ભારતને મદદ કરશે)

11. લદાખના વિદ્યાર્થીઓને શૈક્ષણિક તકો આપવા માટે કોણે 'લદાખ ઈગ્નીટેડ માઈન્ડ્સ પ્રોજેક્ટ' શરૂ કર્યો છે ?

– ભારતીય સેનાએ

(ભારતીય સેનાએ તાજેતરમાં લદાખના વિદ્યાર્થીઓને શૈક્ષિણિક તકો આપવા માટે લદાખ 'ઈગ્નીટેડ માઈન્ડ્સ પ્રોજેક્ટ' શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ લદાખી યુવાનોને વધુ સારુ ભવિષ્ય આપવાનો છે.)

12. વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન સપ્તાહની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? – એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં

(દર વર્ષે એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તેનું લક્ષ્ય રસીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું છે. વર્ષ 2021ના આ સપ્તાહની થીમ 'Vaccines Bringus Closer' છે.)

13. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં કયા દિવસે 'અંઝાક ડે' (Anzac Day)ની ઉજવણી કરવામાં આવે છે ?

– 25 એપ્રિલ

14. ચીને તેના મંગળ મિશનના રોવરનું શું નામ રાખ્યું છે ? – ઝુરોંગ

15. આપણી આસપાસની હવામાંથી ઓક્સિજન મેળવતું તબીબી ઉપકરણનું નામ શું છે ? – ઓક્સિજન કોન્સેટ્રેટર

16. કયા ઓસ્ટ્રેલિયન ખેલાડીએ ભારત સરકારને કોરોના મહામારી સામે લડવા 50,000 ડોલરનું પી.એમ કેસ ફંડમાં અનુદાન આપ્યું છે ? – પેટ કમિન્સ

(પેટ કમિન્સ ઉપરાંત બ્રેટલીએ પણ રૂ 48 લાખની સહાય કરી હતી)

17. યુ.એસ સેન્ટ્રલ બ્યૂરોએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર યુ.એસની વસતીમાં કેટલા ટકાનો વધારો થયો છે.

– 4.4 %

18. WHO ભારતને કેટલા ઓક્સિજન કોન્સ્ટ્રેટર પ્રદાન કરશે ? – 4000

(વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ COVID-19 મહામારી સામેની લડતમાં ભારતને 4000 ઓક્સિજન કોન્સ્ટ્રેટર પ્રદાન કરશે)

19. વર્તમાનમાં તમામ ગેંડાઓમાં સૌથી નાનો અને બે શિંગડાવાળા ગેંડાનું નામ જણાવો ? – સુમાત્રાન ગેંડો

20. તાજેતરમાં સમાચારોમાં આવેલ BRPનો ફલેગશિપ પ્રોજેક્ટ 'પ્રોજેક્ટ દંતક' કયા દેશમાં લાગુ કરવામાં આવ્યો છે ?

– ભૂટાન

21. 'વરૂણ' ભારત અને કયા દેશ વચ્ચેનો યુધ્ધ અભ્યાસ છે ? – ફ્રન્સ

('વરૂણ' ભારત અને ફ્રાન્સ વચ્ચે નૌકાદળનો સંયુક્ત લશ્કરી કવાયત છે. આ કવાયત અરબી સમુદ્રમાં યોજવામાં આવી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

હતી.)

22. તાજેતરમાં કઈ મિસાઈલનું ગોવા ખાતે સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે ? – પાયથોન–5

(DRDO એ તાજેતરમાં શ્રેણીબધ્ધ મિસાઈલ પરિક્ષણો હાથ ધર્યા હતા. જેમાં પાયથન–5 મિસાઈલનો પણ સમાવેશ થાય છે. આ મિસાઈલનું ગોવામાં પરિક્ષણ કરવામાં આવ્યું હતું. પાયથોન–5 એ હવા થી હવા પ્રહાર કરતી મિસાઈલ છે.)

23. તાજેતરમાં શ્રી મનોજ દાસનું નિધન થયું છે જે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – શિક્ષણશાસ્ત્રી

(28 એપ્રિલ 2021ના રોજ ઓડિશાના જાણીતા શિક્ષણ શાસ્ત્રી અને જાણીતા દ્વિભાષી લેખક મનોજ દાસનું 87 વર્ષની વયે નિધન થયું છે. તેઓએ ઓડિયા અને અંગ્રેજી બંને ભાષાઓમાં મહત્વપુર્ણ સાહિત્યક કૃતિઓની રચના કરી હતી.)

24. તાજેતરમાં Spacex ફાલ્કન–9 રોકેટે કેટલા સ્ટારલિંક ઉપગ્રહ લોન્ચ કર્યા છે ? – 60

25. તાજેતરમાં કયા અમેરિકાના અવકાશ યાત્રીનું નિધન થયું છે ? – માઈકલ કોલિન્સ

26. તાજેતરમાં કોણે વિશ્વનું સૌથી મોટુ હવાઈ જહાજનું પરિક્ષણ કર્યુ હતું ? – સ્ટ્રેટોલાંચ

(સ્ટ્રેટોલાંચ દ્વારા નિર્મિત વિશ્વના સૌથી મોટા હવાઈ જહાજ અથવા વિમાનનું પરિક્ષણ કર્યુ છે. આ પરિક્ષણ કેલિફોર્નિયા ખાતે કરવામાં આવ્યું હતું. આ વિમાનને 'રોક' (Roc) નામ આપવામાં આવ્યું છે.)

27. ભારતીય વૈજ્ઞાનિકોએ તાજેતરમાં સોયાબિનની કઈ જાત વિકસિત કરી છે ? – MACS 1407

28. કઈ બેંક દ્વારા વ્યાપારિઓને બેંકિંગ સેવા પ્રદાન કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મ 'Merchant Stack' લોન્ચ કર્યુ છે ?

– ICICI Bank

29. નાટો (Nato)એ કયા દેશમાં 'DEFENDER-Europe02021' નામનો સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે ?

– અલ્બાનિયા

30. કયા રાજ્યએ 'CLAP' નામનું એક સ્વચ્છતા અભિયાન શરૂ કર્યુ છે ? – આંધ્રપ્રદેશ

(આંધ્રપ્રદેશ સરકારે Clap (Clean Andhrapradesh) નામનું સ્વચ્છતા અભિયાન શરૂ કર્યુ છે. આ અભિયાન 1 મે થી ચાલુ થશે. )

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT